# સાદો ભવિષ્ય કાળ

# SIMPLE FUTURE TENSE

- **અર્થ**

જે ક્રિયા હજુ સુધી બની નથી અને આવનારા સમયમાં બનશે તેવી ક્રિયાઓને દર્શાવવા જે કાળનો ઉપયોગ થાય છે તે કાળને સાદો ભવિષ્ય કાળ કહે છે.

- **ઉદાહરણ**

1. વેકેશન પૂરું થતાં જ શાળા કોલેજો ખુલશે.
2. માર્ચમાં બોર્ડની પરીક્ષા લેવાશે.

- **ક્રિયાપદ**

સાદા ભવિષ્ય કાળ માં ક્રિયાપદ તરીકે **shall / will + V1** નો ઉપયોગ કરવામાં આવે છે.

- **ઉદાહરણ**

to go – જવું　　shall / will go - જઈશ / જઈશું / જશે

to eat – ખાવું　　Shall / will eat - ખાઈશું / ખાઈશ / ખાશે

SS EDUCATION

## • કેવી રીતે ઓળખી શકાય ?

Tomorrow – આવતીકાલે

Next week - આવતા અઠવાડિયે

Next Month - આવતા મહિને

Next Year - આવતા વર્ષે

Soon - થોડી જ વાર પછી

After – પછી

## • વિધાન વાક્યરચના

કર્તા + shall / will + V1 + કર્મ + અન્ય શબ્દો

## • EXAMPLES :-

1. અમે આવતા મહિને શાળાએ જઈશું.

   ANS :- We shall go to school next month.

2. મારો મિત્ર આવતીકાલે અહી આવશે.

   ANS :- My Friend will come here tomorrow.

3. રામ શ્યામને 5 વાગ્યા પછી બોલાવશે.

   ANS :- Ram will call shyam after 5 o'clock.

4. તેણી થોડી વારમાં રામાયણ જોશે.

   ANS :- She will watch the Ramayan soon.

5. એક દિવસ મારો પણ આવશે.

   ANS :- My time will come one day.

SS EDUCATION

- ## નકાર વાક્યરચના

કર્તા + shall / will + not + V1 + કર્મ + અન્ય શબ્દો

- ## EXAMPLES :-

1. અમન આવતીકાલથી પુસ્તકો વાંચશે નહિ.

   ANS :- Aman will not read books from tomorrow.

2. અમે વચન આપીએ છીએ કે અમે અમારા પર્યાવરણને દૂષિત કરીશું નહિ.

   ANS :- We promised that we will not pollute our environment.

3. અમિત આજથી મોબાઇલનો ઉપયોગ કરશે નહિ.

   ANS :- Amit will not use mobile from today.

4. તે વચન આપે છે કે તે અસત્ય બોલશે નહિ.

   ANS :- He promised that he shall not tell lie.

SS EDUCATION

- **પ્રશ્નાર્થ વાક્યરચના**

**Yes / No Questions**

**Shall / will + કર્તા + V1 + કર્મ + અન્ય શબ્દો**

**Wh / How Questions**

**Wh / How + shall / will + કર્તા + V1 + કર્મ + અન્ય શબ્દો**

- **ઉદાહરણ**

1. શું તમે આત્મનિર્ભર થશો ?

   **ANS :- Will you be self dependent ?**

2. શું અમે નવું પ્રકરણ શરૂ કરીએ ?

   **ANS :- Shall we start the new chapter ?**

3. શું તમે મારી મદદ કરશો ?

   **ANS :- Will you help me ?**

4. તમે આવતીકાલે ક્યાં જશો ?

   **ANS :- Where will you go tomorrow ?**

SS EDUCATION

- ## Exercise

1. I ........... English this month. ( learn )

   Shall learn

2. They ............ the next Match. ( Win )

   Will win

3. He ............ not ........... the rules again. ( break )

   will break

4. She .......... not ......... late next time. ( be )

   will be

5. What ............ you ........... in the upcoming vacation ? ( do )

   will do

SS EDUCATION